

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૦૧ | ૨૧ જુન, ૨૦૨૧, સોમવાર; જયેષ્ઠ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

કોરોનાના મૃતકોને ૪ લાખનું વળતર આપવું અશક્ય

કોવિડ મૃત્યુના વળતર અંગે સરકારે સુપ્રીમ કોર્ટને આપેલા સોગંદનામામાં કેન્દ્ર સરકારે કહ્યું કે, આપત્તિ અધિનિયમ હેઠળ ફરજિયાત વળતર માત્ર ધરતીકંપ, પૂર વગેરે કુદરતી આફતોને લાગુ પડે છે

નવી દિલ્હી,તા.૨૦

સુપ્રીમ કોર્ટે કોરોના ચેપથી મૃત્યુ પામેલા લોકોનાં સગાઓને વળતર માટેની અરજી પર કેન્દ્ર સરકારનો જવાબ માંગ્યો હતો. હવે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું આપીને તેનો જવાબ આપ્યો છે. કેન્દ્ર સરકારે સોગંદનામામાં કહ્યું હતું કે, કોરોનાને કારણે પોતાનો જીવ ગુમાવનારાઓના પરિવારને રૂ.૪ લાખનું વળતર આપવું શક્ય નથી. કેન્દ્ર સરકારે તેના જવાબમાં કહ્યું છે કે દરેક કોરોના ચેપગ્રસ્ત દર્દીના મોતનું વળતર એ રાજ્યોની આર્થિક ક્ષમતાથી વધુ છે. સુપ્રીમ કોર્ટને આપેલા સોગંદનામામાં, કેન્દ્ર સરકારે કહ્યું કે આપત્તિ અધિનિયમ હેઠળ ફરજિયાત વળતર માત્ર ધરતીકંપ, પૂર વગેરે કુદરતી આફતોને લાગુ પડે છે. સરકારે તેના જવાબમાં એમ પણ કહ્યું હતું કે જો કોઈ એક રોગને લીધે મૃત્યુ પર વળતર આપવામાં આવે છે અને બીજી બીમારી પર નહીં તો તે ખોટું હશે. તમને જણાવી દઈએ કે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને કોરોના ચેપથી મૃત્યુ પામેલા લોકોનાં પરિવારો માટે ૪ લાખ રૂપિયા વળતરની માંગ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને આપેલા જવાબમાં કહ્યું હતું કે કુદરતી આફતો માટેના વળતરને કોરોના રોગચાળા પર લાગુ કરવું કોઈપણ રીતે યોગ્ય રહેશે નહીં. આવકમાં ઘટાડો અને આરોગ્ય ખર્ચમાં વધારાને કારણે કેન્દ્ર સરકાર અને રાજ્યો પહેલાથી જ આર્થિક દબાણ હેઠળ છે. વળતર ચૂકવવા માટે સંસાધનોનો ઉપયોગ મહામારી સામે કાર્યવાહી અને આરોગ્ય ખર્ચને અસર કરી શકે છે. કોરોના રોગચાળાને કારણે અત્યાર સુધીમાં ૩,૮૫,૦૦૦થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે, જેમાં વધુ વધારો થવાની સંભાવના છે. સોગંદનામામાં કેન્દ્ર સરકારે કહ્યું છે કે સુપ્રીમ કોર્ટે પહેલેથી જ સ્પષ્ટ કરી દીધું છે કે નીતિ બાબતો કાર્યપાલિકા પર છોડી દેવી જોઈએ અને ન્યાયતંત્ર વહીવટી વતી નિર્ણય લઈ શકતું નથી. કોરોના પીડિતો માટે મૃત્યુના પ્રમાણપત્રો પર સરકારે કહ્યું કે કોવિડ -૧૯ ચેપને કારણે થતાં મૃત્યુને મૃત્યુ પ્રમાણપત્રોમાં કોવિડ મૃત્યુ તરીકે પ્રમાણિત કરવામાં આવશે. કોવિડ મોતને પ્રમાણિત કરવામાં નિષ્ફળતા માટે સંબંધિત ડોકટરો સામે શિક્ષાત્મક કાર્યવાહી પણ કરવામાં આવશે. આ અગાઉ ગયા મહિને ૨૪ મેના રોજ બે અલગ અલગ અરજીઓની સુનાવણી કરતી વખતે દેશની સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારીને જવાબ માંગ્યો હતો. આ અરજીઓમાં કેન્દ્ર અને રાજ્યોને ૨૦૦૫ના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ ચેપના કારણે પોતાનો જીવ ગુમાવનારા પરિવારોને ૪ લાખ રૂપિયા વળતર ચૂકવવા અને મૃત્યુ પ્રમાણપત્ર આપવા માટે એક સમાન નીતિ અપનાવવા સૂચના આપવામાં આવી છે.

એમિરેટ્સની ૨૩ જૂનથી ભારત-દુબઈ વિમાનીસેવા ફરી શરૂ

ભારતીય મુસાફરોએ ૨૪ કલાકનું સંસ્થાગત ક્વોરેન્ટિન પૂરૂ કરવું પડશે : ફરજિયાત વેક્સિનના બંને ડોઝ લેવા પડશે

ન્યુ દિલ્હી,તા.૨૦

દુબઈએ ભારત સહિત અન્ય કેટલાક દેશોથી આવતા પોતાના નિવાસીઓને યાત્રા પ્રતિબંધોમાં ઢીલ આપી છે. જોકે આવા લોકોએ ફરજિયાતપણે યુએઈ દ્વારા સ્વીકૃત કોવિડ-૧૯ વેક્સિનના બંને ડોઝ લેવા પડશે.

દુબઈમાં ક્રાઈસીસ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની સર્વોચ્ચ સમિતિએ દક્ષિણ આફ્રિકા, નાઈજીરિયા અને ભારતથી આવતા મુસાફરોના સંબંધમાં દુબઈના યાત્રા પ્રોટોકોલ અદ્યતન થયાની જાહેરાત કરી છે. શેખ મંસૂર બિન મોહમ્મદ બિન રાશિદ મ્મ્મૂમે આ સમિતિની આગેવાની કરી હતી. આ નવા નિયમ અંતર્ગત ભારત, નાઈજીરિયા અને દક્ષિણ આફ્રિકાના રેસિડેન્ટ વીઝા ધરાવતા મુસાફરો પ્રવાસ ખેડી શકશે.

જાહેરાત પ્રમાણે ભારતથી દુબઈ આવતા આવા મુસાફરો પાસે ફક્ત માન્ય રેસિડેન્ટ વીઝા હોય તે જ જરૂરી રહેશે. જોકે પ્રવાસીઓએ સંયુક્ત આરબ અમીરાત દ્વારા માન્ય કોવિડ-૧૯ વેક્સિનના બંને ડોઝ ફરજિયાત લીધેલા હોવા પડશે. રિપોર્ટ પ્રમાણે યુએઈ સરકારે જે ૪ વેક્સિનને માન્યતા આપી છે તેમાં સિનોફાર્મા, ફાઈઝર-બાયોએનટેક, સ્પુતનિક-વી અને ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનેકા વેક્સિનનો સમાવેશ થાય છે.

પ્રાકૃતિક સૌંદર્યની પરમ વૈભવ - ધરતી અને આકાશના મીલનને વધાવતા મોર કળા કરે છે... મોરનો આનંદઓચ્છવ માનવીના મન સાથે જોડાય છે ત્યારે પ્રાકૃતિક વૈભવની અનુભૂતિ થાય છે.... ગાંધીનગરની આ તસવીર માનવીને કોરોના કાળની નિરાશામાંથી બહાર નિકળી સૌંદર્ય માણવાની મોકળાશ અનુભવવાનું આહ્વાન કરે છે... આવો જીવનસૌંદર્યને પણ સોળેકળાએ મોરની જેમ ખલવીએ....

ઉત્તરાખંડમાં ૧૧મી જુલાઈથી ચારધામ યાત્રાનો આરંભ થશે

કોવિડનો નેગેટિવ રિપોર્ટ સાથે લાવવો ફરજિયાત

દહેરાદૂન,તા.૨૦

હવે ઉત્તરાખંડમાં ભક્તોને ચારધામ યાત્રા માટે પરવાનગી આપવામાં આવી છે. રાજ્યમાં ૧૧ જુલાઈથી ચારેય ધામોમાં ભક્તો દર્શન માટે આવી શકે છે. જો કે, આ માટે તેઓએ તેમની સાથે કોવિડનો નેગેટીવ રીપોર્ટ સાથે લાવવો પડશે.

રાજ્યમાં કોરોના કર્ફ્યુમાં ધંધાકીય સંસ્થાઓને રાહત આપવા ઉપરાંત ચારધામ યાત્રા અંગે પણ સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર વતી રાજ્યના તમામ લોકોને ૧૧ જુલાઈથી ચારધામ યાત્રા માટેની મંજૂરી આપવામાં આવી છે. આ અંતર્ગત હવે ૧૧ જુલાઈથી ભક્તો ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ ધામની મુલાકાતે આવી શકે છે. હાલમાં, આ પ્રવાસ ફક્ત ઉત્તરાખંડના લોકો માટે જ શરૂ કરવામાં આવ્યો છે.

ભક્તોને આરટી-પીસીઆર એન્ટિજેન અથવા ઝડપી પરીક્ષણનો નેગેટીવ રીપોર્ટ લાવવાની જરૂર રહેશે. જોકે, ૧ જુલાઈથી ભક્તો ચારધામ પહોંચવાનું શરૂ કરશે. આ કારણ છે કે ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં ઉત્તરકાશી, કેદારનાથમાં રૂદ્રપ્રયાગ અને બદરીનાથના ચમોલી જિલ્લાના લોકો ૧ જુલાઈથી મુસાફરી કરી શકશે.

હવે, દિલ્હીમાં બાર, મોલ અને રેસ્ટોરન્ટ ખોલવા મંજૂરી

રાતે ૧૦ વાગ્યા સુધી લોકો કરી શકશે એન્જોય : હાલ સવારે ૧૦થી રાતે ૮ વાગ્યા સુધી જ છૂટ હતી, જો કે રેસ્ટોરામાં હજુ ૫૦ ટકા ક્ષમતા સાથે જ ગ્રાહકોને બેસાડાશે

નવી દિલ્હી,તા.૨૦

દિલ્હીમાં કોરોનાના કેસમાં ઘટાડો થવાની સાથે જ હવે જનજીવન પાટે ચડવા લાગ્યું છે.

દિલ્હી સરકારે અનલોક-૪ અંતર્ગત માર્કેટ, મોલ સહિત અનેક મામલે છૂટછાટ આપી છે. સવારે ૧૦થી લઈને રાતે ૮ વાગ્યા સુધી ખુલ્લું રાખવાની મંજૂરી અપાઈ છે. સોમવારથી બાર ખોલવાની પણ મંજૂરી અપાઈ છે. દિલ્હી સરકારના નિર્ણય મુજબ રાજધાનીમાં ૫૦ ટકા ક્ષમતા સાથે બાર ખોલી શકાશે. જો કે બાર ખોલવાનો સમય પણ નિર્ધારિત કરાયો છે. હવે બપોરે ૧૨ વાગ્યાથી રાતે ૧૦ વાગ્યા સુધી જ બાર ખુલ્લા રાખી શકાશે. આ ઉપરાંત અનલોક-૪ હેઠળ દિલ્હીમાં અન્ય છૂટ પણ અપાઈ છે. દિલ્હીમાં હવે સોમવારથી રેસ્ટોરા પણ સવારે ૮ વાગ્યાથી રાતે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રાખી શકાશે. હાલ સવારે ૧૦થી રાતે ૮ વાગ્યા સુધી જ છૂટ હતી. જો કે રેસ્ટોરામાં હજુ પણ ૫૦ ટકા ક્ષમતા સાથે જ ગ્રાહકોને બેસાડાશે. આ ઉપરાંત જાહેર પાર્ક અને ગાર્ડન ખોલવાની પણ મંજૂરી મળી છે. ૨૧ જૂનથી રાજધાનીમાં પબ્લિક પાર્ક, ગાર્ડન, ગોલ્ફ ક્લબ, અને આઉટડોર યોગા એક્ટિવિટીની પણ મંજૂરી મળી ગઈ છે આ સાથે જ બજારો, માર્કેટ, કોમ્પલેક્સ અને મોલ્સ પણ સવારે ૧૦થી રાતે ૮ વાગ્યા સુધી ખુલ્લા રાખી શકાશે. મેટ્રો હજુ પણ ૫૦ ટકા ક્ષમતા સાથે જ ચાલશે અને આ સાથે બસ, ઓટો, રિક્ષા, ટેક્સી, કેબ, ફટફટ સેવા જેવા પબ્લિક ટ્રાન્સપોર્ટ પણ સોશિયલ ડિસ્ટન્સિંગ માટે ઓછા મુસાફરોને બેસાડશે.

પંજાબમાં ગ્રીન ફંગસનો દેશમાં પ્રથમ કેસ નોંધાયો

દર્દીએ કોરોનાને હરાવ્યા પછી લાગુ પડી બીમારી

ચંડીગઢ,તા.૨૦

ભારતમાં કોરોનાની બીજી લહેર ભારે સાબિત થઈ છે, આ સાથે દેશમાં ફંગશના કેસની સંખ્યા વધતા ચિંતામાં વધારો થયો છે. મ્યુકોરમાઈકોસિસ એટલે કે બ્લેક ફંગસ સિવાય વ્હાઈટ અને યલ ફંગસના કેસે ચિંતા વધારી હતી ત્યારે હવે દેશમાં ગ્રીન કેસનો પહેલો કેસ નોંધાતા ચિંતામાં વધારો થયો છે. દેશમાં પંજાબમાં ગ્રીન ફંગસનો પહેલો કેસ નોંધાયો છે.

પંજાબના જલંધરમાં ગ્રીન ફંગસનો પહેલો કેસ સામે આવ્યો છે. આ અંગે સિવિલ હોસ્પિટલના ડૉક્ટર અને જિલ્લા એપિડેમિઓલોજીસ્ટ પરમવીર સિંહ જણાવે છે કે, "દર્દીએ કોરોનાને હરાવ્યો હતો. દર્દી સારવાર હેઠળ છે પરંતુ સ્થિતિ સ્થિર કહી શકાય તેવી નથી. આ અગાઉ પણ એક કેસ આવ્યો હતો પરંતુ તેની પુષ્ટી નહોતી થઈ."

બ્લેક ફંગસના કેસમાં દર્દીની આંખો, નાક, મગજ વગેરે સુધી ફંગસ પહોંચી જવાનો ખતરો રહેતા આંખ, જડબું વગેરે કાઢીને દર્દીને બચાવવાના પ્રયાસ કરતા હોય છે. ત્યારે હવે ગ્રીન ફંગસના કેસને લઈને ચિંતા ઘેરાઈ છે. અહીં પણ જોવા મળ્યું છે કે દર્દીએ કોરોનાને હરાવ્યા પછી આ પ્રકારનો રોગ જોવા મળ્યો છે.

ગ્રીન ફંગસ એસ્પરગિલોસિસ તરીકે પણ ઓળખાય છે. જોકે, સામાન્ય ભાષામાં લોકો ગ્રીન ફંગસ જ કહે છે. એક્સપર્ટનું માનીએ તો, એસ્પરજીલસ ઘણાં પ્રકારના હોય છે અને આ દર્દીના ફેફસામાં ઝડપથી ફંગલ ઈન્ફેક્શન ફેલાવે છે. આના કારણે ફેફસામાં પસ થઈ જાય છે અને બીમારીનું જોખમ વધી જાય છે.

મહારાષ્ટ્રમાં શિવસેના અને કોંગ્રેસની વચ્ચે તકરાર વધી

કોંગ્રેસ દ્વારા પોતાના દમ પર ચૂંટણી લડવાના મુદ્દે ઠાકરેએ કહ્યું કે કેટલાક લોકો પોતાના બળે ચૂંટણી લડવાની વાત કરે છે : હિંદુત્વ-મરાઠી અસ્મિતા જ પાર્ટીની પ્રાથમિકતા

મુંબઈ,તા.૨૦

મહારાષ્ટ્રમાં શિવસેના અને કોંગ્રેસ વચ્ચેની તીરાડ દિવસે દિવસે મોટી થઈ રહી છે. શિવસેનાએ પોતાના પપમાં સ્થાપના દિવસે હિંદુત્વ અને મરાઠી અસ્મિતાની વાત કરી હતી. આ દરમિયાન ઉદ્ધવ ઠાકરેએ કોંગ્રેસ પર તીખો હુમલો કરતા ઈશારામાં કહ્યું કે જો કોઈ એકલા લડવા માટેની વાત કરે છે તો લોકો તેને જોડા મારશે.

હાલમાં જ કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોળેએ કહ્યું હતું કે આગામી વિધાનસભા ચૂંટણીમાં અમે એકલા લડીશું. કોંગ્રેસ દ્વારા પોતાના દમ પર ચૂંટણી લડવાના મુદ્દે ઠાકરેએ કહ્યું કે કેટલાક લોકો પોતાના બળે ચૂંટણી લડવાની વાત કરે છે. કોરોના કાળમાં હૃદયદ્રાવક સ્થિતિ છે. લોકોનો રોજગાય ગયો અને રોજીરોટી માટે ફાંફા મારવા પડે છે તેવામાં જો કોઈ એકલા લડવાની વાત કરે છે તો લોકો તેને જોડા મારશે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠકારેએ શિવસેનાના સ્થાપના

દિવસે કહ્યું કે હિંદુત્વ અને મરાઠી અસ્મિતા જ પાર્ટીની પહેલી પ્રાથમિકતા છે. તેમણે સત્તામાં સહયોગી કોંગ્રેસ અને વિરોધી દળ ભાજપ પર નિશાનો સાધ્યો હતો.

આ સાથે ઉદ્ધવ એવું કહેવાથી પણ જરા ચૂક્યા નહીં કે સત્તામાં બની રહેવા માટે તેઓ જરા પણ લાચાર નથી. ઠાકરેએ પોતાની પાર્ટી અને કાર્યકર્તાઓના વખાણ કર્યા અને આ મોકે તેમણે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના પણ વખાણ કર્યા. શનિવારે શિવસેનાના સ્થાપના દિવસ નિમિત્તે સોશિયલ મીડિયાના માધ્યમથી મુખ્યમંત્રીએ શિવસૈનિકોને સંબોધીત કર્યા હતા. તેમણે કહ્યું કે હિંદુત્વ કોઈને પેટન્ટ નથી. હિંદુત્વ અમારો શ્વાસ છે.

પેટ્રોલમાં ૨૯ અને ડિઝલમાં ૨૮ પૈસાનો વધારો

ન્યુ દિલ્હી,તા.૨૦

પેટ્રોલ અને ડિઝલનાં ભાવમાં દિવસો જતા ધીમે ધીમે વૃદ્ધિ થઈ રહી છે. આ ભાવ વધારાનાં કારણે સામાન્ય માણસ માટે હવે વાહન ચલાવવું એક મોટો સવાલ બની ગયો છે. ઘણા દિવસોથી વધી રહેલા ભાવમાં આજે ફરી વૃદ્ધિ થઈ છે. આજે ફરી પેટ્રોલ અને ડીઝલનાં ભાવ વધ્યા છે.

સરકારી તેલ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલનાં નવા દર જાહેર કર્યા છે. શનિવારે સ્થિર રહ્યા બાદ આજે (રવિવારે) ફરીથી પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વધારો થયો છે. ઓઈલ કંપનીઓએ રવિવારે એટલે કે ૨૦ જૂન ૨૦૨૧ નાં રોજ પેટ્રોલનાં દરમાં ૨૯ પૈસાનો વધારો કર્યો છે, જ્યારે ડીઝલ ૨૮ પૈસા પ્રતિ લીટર મોંઘુ થયું છે.

કાશ્મીર અંગેની સર્વદલીય બેઠકના આયોજનથી પાકિસ્તાન બેચેન બન્યું

કાશ્મીર મુદ્દે પાક. પહેલેથી હોબાળો મચાવે છે : ભારતે ૫ ઓગસ્ટ ૨૦૧૯ના લીધેલા નિર્ણયો પછી હવે કાશ્મીર અંગે બીજા નિર્ણયો લેતાં દૂર રહેવુ જોઇએ : પાક

ઈસ્લામાબાદ,તા.૨૦

જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જો હટાવી તેને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચ્યા પછી મોદી સરકાર ૨૪ જૂને સર્વદળીય બેઠક કરવા જઈ રહી છે. કેન્દ્ર સરકારના ઐતિહાસિક નિર્ણય બાદ બે વર્ષ પછી યોજવામાં આવેલી આ સર્વદળીય બેઠક જમ્મુ-કાશ્મીરના ભવિષ્યને લઈને ખૂબ જ મહત્વની માનવામાં આવે છે. માનવામાં આવે છે કે પીએમ મોદી સાથે સર્વદળીય બેઠક પછી રાજ્યમાં ચૂંટણી યોજવનો રસ્તો ખુલ્લો થઈ જાય, પરંતુ પહેલેથી જ જમ્મુ-કાશ્મીરના નામે હોબાળો કરનારું પાકિસ્તાન આ જાહેરાતથી બેચેન થઈ ગયું છે. ૨૧ જૂને કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરને લઈને યોજાનારી સર્વદળીય બેઠકને પાકિસ્તાને હવે ચેતવણી આપી છે કે, તે કાશ્મીરમાં વસ્તીમાં ફેરફાર કે તેને વહેંચવાના ભારતના કોઈપણ પ્રયત્નનો એ વિરોધ કરશે. પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહેમૂદ કુરૈશીએ એક નિવેદનમાં કહ્યું કે ભારતે ૫ ઓગસ્ટ ૨૦૧૯ના લીધેલા નિર્ણયો પછી હવે કાશ્મીર અંગે બીજા નિર્ણયો લેતાં દૂર રહેવુ જોઇએ. કુરૈશીનું કહેવુ છે કે, ૫ ઓગસ્ટ ૨૦૧૯એ ભારતે લીધેલા નિર્ણયનો પાકિસ્તાન સખત વિરોધ કરે છે. પાકિસ્તાનના વિદેશ મંત્રીનું કહેવુ છે કે પાકિસ્તાન ઘણા આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો છે. પરંતુ દક્ષિણ એશિયામાં વાસ્તવિક શાંતિ ત્યારે જ આવી શકશે જ્યારે કાશ્મીર મુદ્દાનું સમાધાન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની જોગવાઈઓ અને કાશ્મીરના લોકો મુજબ થશે. નોંધનીય છે કે, કાશ્મીરનો વિશેષ દરજ્જો હટાવ્યા પછી બંને દેશોના સંબંધો વધુ ખરાબ થયા છે અને પાકિસ્તાન શરત મૂકી રહ્યું છે કે, બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપવા માટે પહેલા ભારતે કાશ્મીરને તેનો વિશેષ દરજ્જો પાછો આપવાનો રહેશે. બીજી તરફ કાશ્મીરના ભવિષ્યને લઈને યોજાઈ રહેલી આ સર્વદળીય બેઠક વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થશે જેમાં જમ્મુ-કાશ્મીરના ૮ રાજકીય દળોના ૧૪ નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. જોકે આ બેઠકમાં પૂર્વ મુખ્યમંત્રી અને પીડીપી પ્રમુખ મહેબુબા મુફ્તી સામેલ નહી થાય એવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉત્તરાખંડમાં ભારે વરસાદને પગલે યુપી સહિત બાર જિલ્લાઓમાં રેડ એલર્ટ

ઉત્તરાખંડમાં ભારે વરસાદથી જળસ્તરમાં સતત વધારો

દહેરાદૂન,તા.૨૦

ચોમાસાની શરૂઆત સાથે જ ઉત્તરાખંડનું વાતાવરણ આહ્લાદક થઈ ગયું છે અને સાથે જ લોકોની મુશ્કેલીઓમાં પણ વધારો થયો છે. પહાડો પર સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં ગંગા સહિત અન્ય નદીઓનું જળસ્તર વધી ગયું છે જેથી પૂરનું જોખમ સર્જાયું છે.

ઋષિકેશમાં ગંગા નદીનું જળસ્તર જોખમના નિશાનને પાર કરી ગયું છે. જ્યારે શારદા બેરેજનું જળસ્તર હાલ તો જોખમના નિશાનથી નીચે છે પરંતુ પાણી સતત વધી રહ્યું છે. જો પાણી વધશે તો તેની અસર ઉત્તરાખંડ ઉપરાંત યુપીના ૧૦ જિલ્લાઓ પર પણ પડશે.

ઋષિકેશમાં ગંગાનું જળસ્તર વધી ગયું છે જેથી પૂરનું જોખમ સર્જાયું છે. પૂરના જોખમને ધ્યાનમાં રાખીને પોલીસ અને પ્રશાસન એલર્ટ મોડ પર છે. આ ઉપરાંત ગંગાના તટીય વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત જગ્યાએ શિફ્ટ થવા કહેવામાં આવ્યું છે.

ચંપાવત જિલ્લાના શારદા બેરેજ ખાતે પાણી જોખમના નિશાન પાસે પહોંચવાની આશંકા છે. જો પાણી જોખમના નિશાનને પાર કરી દેશે તો ઉત્તરાખંડના ૨ અને ઉત્તર પ્રદેશના ૧૦ જિલ્લાઓ પર તેની અસર પડશે.

ઉત્તરાખંડમાં ૩ દિવસથી વરસાદ વરસી રહ્યો છે જેથી ચિંતા વધી છે. પૌડી, રૂદ્રપ્રયાગ, ચમોલી જિલ્લાની સ્થિતિ અત્યારથી જ ખરાબ થવા લાગી છે. વરસાદના કારણે રૂદ્રપ્રયાગમાં અલકનંદા અને મંદાકિનીનું જળસ્તર જોખમના નિશાનને પાર કરી ગયું છે. પ્રશાસને નદી કિનારે રહેતા લોકોની સુરક્ષા ધ્યાનમાં રાખીને એલર્ટ આપ્યું છે.

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD
TV રીપેરીંગ માટે
ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬